Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# નારી મુક્તિ અંગે ગાંધીજીના વિચારો

ડૉ. રાજેશકુમાર વાઘજીભાઈ ભાભોર
આસિસ્ટન્ટ પ્રોફેસર, નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ

**ભૂમિકાઃ** સ્ત્રી કેળવણીમાં હિંદુસ્તાન બહુ પછાત છે, એમ આપણે કબૂલ કરવું પડે છે. આનો મતલબ એવો નથી કે, હિંદી સ્ત્રીઓ પોતાની ફરજ બજાવતી નથી.[1] કોઈપણ દેશ અથવા સમાજના વિકાસમાં મહિલાઓ મહત્વની ભૂમિકા ભજવે છે. જે દેશ, સમાજ અને ઘરમાં મહિલાઓ ભણેલી હોય છે ત્યાં તેમને નિર્ણય લેવાનો અધિકાર હોય છે પણ જ્યાં સ્ત્રીઓને ઉપભોગની વસ્તુથી વિશેષ કશું માનવામાં આવતી નથી. તેમના અધિકારો છીનવી લેવામાં આવે છે તે દેશ, સમાજ હંમેશા ગુલામ રહે છે.

આપણા દેશમાં હજારો વર્ષોથી મહિલાઓને તેમના હકથી વંચિત રાખવામાં આવતી હતી.[2]

**પહેલાંના સમયમાં સ્ત્રીઓની સ્થિતિઃ** પહેલા સમાજમાં સતી પ્રથા, વિધવાઓનું મુંડન જેવી કુપ્રથાઓ હતી. તેથી વિધવાઓની હાલત બદથી બદતર બનવા લાગી. મહિલાઓને પોતાના પર થઈ રહેલા અત્યાચારનો અહેસાસ ન થાય અને જો થાય તો બળવો પોકારવાની કિંમત ન જાગે એ મોટ તેને ભણાવવાનું બંધ કરી દેવામાં આવતું. વૈદિક કાળમાં 'અબલા' ભણેલી હતી. 'ગાર્ગી' ભણેલી હતી. તો આજની સ્ત્રીઓને આનો અધિકાર નથી?

આમ ૧૮મી-૧૯મી સદી સુધી ભારતીય સમાજ પર આ પ્રકારના વિચારોનો પ્રભાવ હતો. મહિલાઓને ગુલામીની સાંકળમાંથી છોડાવવાનો એક જ રસ્તો હતો. શિક્ષણ, શિક્ષણથી જ સમાજમાં પરિવર્તન લાવી શકાય છે. સમાજમાં પરિવર્તન અને સ્ત્રીઓના વિકાસ માટે ગાંધીજીએ મહત્વની ભૂમિકા ભજવી છે.[3]

**મહિલા સશક્તિકરણઃ** "મહિલા સશક્તિકરણ એટલે સ્ત્રીઓનો સામાજિક અને આર્થિક દરજ્જો સુધારવો."

જેથી તેઓ રોજગાર, શિક્ષણ, આર્થિક પ્રગતિથી સમાન બનાવવા માટે એક તક મેળવી શકે, જેથી તેઓ સામાજિક સ્વતંત્રતા અને પ્રગતિ પ્રાપ્ત કરી શકે. જેના દ્વારા સ્ત્રીઓ પુરુષોની જેમ દરેક ઈચ્છાઓને પરિપૂર્ણ કરી શકે.

**સમાજમાં સ્ત્રીની સ્થિતિઃ** રાજા રામમોહનરાયથી ગાંધીજી સુધી સ્ત્રીઓના ઉદ્ધાર વિશે જે કંઈ થયું તેમાં સ્ત્રીઓ પ્રત્યેની દયા છે. ક્યારેક કર્તવ્ય પાલનનો આશય છે અને ક્યારેક પાશ્ચાત્ય સુધારાનું અનુકરણ છે. પણ ગાંધીજી આ ક્રાંતિમાં જુદા પેડ છે, તેમની પ્રવૃત્તિમાં માત્ર કરુણા નથી. દુનિયાનાં બધા જ દુઃખ દૂર કરવા માટે જીંદગીભર લડનાર ગાંધીજી જે દુઃખીના પ્રશ્ન માટે લડે છે. દુઃખી માણસની અંદર રહેલી સર્વોત્તમ શક્તિને બહાર કાઢે છે, આત્મશક્તિના પરિચયથી સમર્થ બનાવે છે.

ગાંધીજીએ હિંદુ સમાજમાં વિધવાની કરુણ દશા જોઈ, ઘરમાં ચાર દિવાલની અંદર પૂરાઈ રહેલી સ્ત્રીઓની પરાધીનતા જોઈ, સમાજમાં સ્ત્રી માત્ર દયાને પાત્ર જ નથી, પણ તેના જીવનના ઊંડાણમાં કંઈક એવું છે. જેને વ્યવહાર લાવવામાં આવે તો હિંદુ સમાજ અને દેશનું કલ્યાણ તેનાથી સિદ્ધ કરી શકાય. ગાંધીજી હિંદુ નારીમાં રહેલ ત્યાગજન્ય વ્યક્તિત્વને "ત્યાગમૂર્તિ" કહીને બિરદાવે છે. ગાંધીજીના સ્ત્રી સુધારણાના વિચારોમાં પણ સ્ત્રી-

પુરૂષના પ્રાકૃતિક ભેદનો સ્વીકાર કરીને તેને ઓળખીને તેને આધારે જ એ આગળ વધે છે. સ્ત્રી સ્વાતંત્ર્ય એટલે સ્ત્રીઓ પુરૂષોનું અનુકરણ કરે એવો અર્થ ગાંધીજી ક્યારેય કરતાં નથી. સ્ત્રીએ પોતાની પ્રકૃતિ અનુરૂપ કાર્યો કરવા જોઈએ.[૪]

**નારી સ્વાતંત્ર્ય માટે ગાંધીજીના વિચારોઃ** સ્ત્રીઓ માટે ગાંધીજીના હૃદયમાં અપાર સન્માનની ભાવના હતી. ભારતમાં સ્ત્રીઓની જે પરિસ્થિતિ હતી. તે ગાંધીજીના મતે હિંસાનું રૂપ હતું. તેઓએ સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી-પુરૂષ સમાનતાની હિમાયત કરી અને તેના માટે યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ કરવા બાળલગ્ન, વિધવા વિવાહ, દેવદાસીપ્રથા નાબૂદ કરવા ભાષણો કર્યા. પડદાપ્રથાને તેમણે અનિષ્ટ અને જંગલીપ્રથા તરીકે વર્ણવતાં કહ્યું કે પડદાપ્રથાએ સ્ત્રીઓને પછાત રાખી અને તેમનો વિકાસ રોક્યો છે, ગાંધીજીએ સ્વતંત્ર્ય ચળવળમાં સ્ત્રીઓને પણ સાંકળી લીધી હતી. અને તેમના હાથમાં નેતાગીરી આપી હતી. ગાંધીજીનાં નેતૃત્વ નીચે સ્ત્રીઓ ઘરમાંથી બહાર નીકળીને રાષ્ટ્રીય લડતમાં જોડાઈ. આમ, હિંદ છોડો ચળવળ અને મીઠાના સત્યાગ્રહમાં સ્ત્રીઓને જેલવાસ પણ સ્વીકાર્યો હતો. આથી સ્ત્રીઓમાં નવી ચેતના પ્રગટી, સ્ત્રીઓ પોતાના હક્કો અને શક્તિઓ પ્રત્યે સભાન બની.[૫]

**વર્તમાન સમયમાં સ્ત્રીઓ અને ગાંધીવિચારઃ** મહિલાઓના ઉત્થાનમાં ગાંધીજીએ જેટલું યોગદાન આપ્યું છે. એટલે કે બાળલગ્ન, વિધવા પુનઃલગ્ન, પડદાપ્રથા, છૂટાછેડા, વારસો વગેરે સામાજિક કુરીવાજોમાં પરિવર્તન આવ્યું છે. આજે સ્ત્રી-પુરૂષ સમાનતા જોવા મળે છે. શિક્ષણ ક્ષેત્રે પણ પરિવર્તન આવ્યું છે. એનાથી સ્ત્રીઓનાં વિકાસ થયો છે. આજે આજ પરિવર્તનનાં સશક્તિકરણનાં કારણે રસોડાની રાણી રોકેટ સુધી પહોંચી છે. પણ આવી સ્ત્રીઓનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.[૬]

**નિષ્કર્ષઃ** સ્ત્રીઓનાં ઉદ્ધાર માટે ગાંધીજી કરતાં વધુ કોઈએ કર્યું નથી. સ્વાતંત્ર્ય પછી ભારતની સ્ત્રીઓને રાષ્ટ્રના જીવનનાં બધાં ક્ષેત્રોમાં પુરૂષોની સાથે સમાન તક આપવામાં આવી છે. સ્ત્રીઓમાં જે પરિવર્તન ગાંધીજીએ કર્યું તે તેમની એક સંત તરીકે, એક સમાજ સુધારક તરીકેની મોટામાં મોટી સિદ્ધી છે.[૭]

**સંદર્ભસૂચિ**


૧. મગનભાઈ જો. પટેલ, **ગાંધીજીનું શિક્ષણ દર્શન**, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૯૯, પૃ.

૨. ગુજરાત સમાચાર, શતદલ, તા. ૦૯-૦૧-૨૦૧૯, પૃ. ૮.

૩. એજન, પૃ. ૮.

૪. પ્રો. મહેબૂબ દેસાઈ, **ગાંધીજીઃ એક રાષ્ટ્રીય સેવક**, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ પ્ર. આવૃત્તિ, ૨૦૧૨, પૃ. ૨૩૮-૨૩૯.

૫. એજન, પૃ. ૨૩૧-૨૩૨.

૬. એજન, પૃ. ૨૪૫-૨૪૬.

૭. એજન, પૃ. ૨૪૬.